**C.C.no.4711-12**

## આંક –૧ નીચે હુકમ

હાલના કેસમાં આરોપી સામે પોલીસ તપાસ બાદના ચાર્જશીટ આધારે પ્રોસેસ ઇસ્યુ થયેલ. આરોપી સામે ગુજરાત નશાબંધી અધીનિયમ મુજબના ગુનાનો આક્ષેપ છે. જેથી કાયદા પ્રમાણે આરોપી સામેની ન્યાયીક કાર્યવાહી સમન્સ કેસ મુજબની ચાલવા પાત્ર છે.

સદર કેસનું રેકર્ડ તેમજ કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ છે અને આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદપક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણાં લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પડતર છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી.

પી. રામચંદ્ર વિ. કર્ણાટક રાજય – ૨૦૦૨(૨) જી.એલ.આર.પાના નં.૧૫૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સવોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશશ્રીઓની ખંડપીઠે ઠરાવેલ છે કે “The criminal court should exercise their available powers such as those under section 309, 311, 258 of the code of criminal procedure, 1973 to effectuate the right to speedy trial” આ ઉપરાંત હાઈકોર્ટના પત્ર નં.૨૯૧૭/૨૦૦૬ તા.૧૭.૧૦.૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા નીચલી અદાલતોને એવી સૂચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષા હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે મળેલ સત્તાનો ઉપયોગ કરે.

આથી, કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષા હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતાં અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૮ની જોગાવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### –::આખરી હુકમ::–

૧. ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ની કલમ–૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જાતમુચરકો તથા જામીન ખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૪૬ અન્વયે સરકાર શ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદદામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન–કિંમતી મુદદામાલ કે કિંમતી મુદદામાલ જો હોય તો તેને અપીલ સમય બાદ કીમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ અદાલતના ખાસ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ– 11/12/2021
સ્થળઃ– અમદાવાદ.

હાર્દિક ભરતભાઇ ત્રિવેદી
દસમાં અધિક જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર
**Judge Code-GJ01536**.